# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પૈસા આવે પછી 'નામના' નો રોગ થાય છે,
ચાહના પછી સત્તા-પદનો જોગ થાય છે,
ફોગ થાય છે બધું ય ભોગ ભોગવ્યા પછી -
ફરી આસન - પ્રાણાયામ નો યોગ થાય છે
(યોગ ગુરૂ ના બદલાતાં લક્ષ્યો)

## હાઇકુ

પહેલાં કાપ્યાં,
વન-વૃક્ષ-જંગલ
ધરતી અંગો..
(હવે રડે ધરતી પુત્રો)

કાળાં વાદળે
હવે ગાજે અકાળ
વરસે ચિંતા
(દુષ્કાળ ના ઓળા)

## ચિંતન

**વિતં બંધુર્વયઃ કર્મ વિદ્યા ભવતિ પંચમી ।**
**એતાનિ માન્ય સ્થાનાનિ ગરીયો યદ્યુદુત્તરમ્ ॥**

'ધન, ભાઇ-ભાંડુ, (કુટંબીજનો) ઉંમર, કાર્ય અને વિદ્યા આ પાંચ સ્થાનો ને માન આદરને પાત્ર ગણવામાં આવ્યાં છે અર્થાત - જે વ્યક્તિ સમૃધ્ધ અને સંપત્તિવાન હોય, વિશાળ પરિવાર હોય, જે મોટી જૈફ ઉંમરના હોય, જેનાં કાર્યો ઉત્તમ પ્રકારના સેવાભાવથી છલકતાં હોય, અને જે વિદ્યાવાન હોય, એ માન-સન્માન અને આદરને પાત્ર છે.'

આ બધામાં પણ ક્રમ સર માન-આદર મળે છે, ઉત્તરોત્તર વધે છે. જેમ કે, ધનવાન હોય તેને આદર તો મળે પણ ધનવાનની સાથે વિશાળ પરિવાર-કુટુંબ કબીલો ધરાવનારને વિશેષ આદર મળે છે.

વિશાળ પરિવારમાં પણ જેની ઉંમર-વય જૈફ છે. એટલે વયોવૃધ્ધ વડીલ વિશેષ આદરને પાત્ર બને છે.

આવા વડીલમાં પણ સેવાભાવ-દાનપુણ્ય અને સત્કાર્યો કરનારા હોય તો વળી આદરની માત્રા વધી જાય છે.

અને સત્કાર્યો કરતા વડીલ જો વિદ્યાવાન હોય તો વિદ્વતાને કારણે પૂજનીય અને સન્માનીય બને છે.

આમ, ધનવાન, વિશાળ પરિવાર ધરાવનાર, વયસ્ક અને કર્મશીલ તથા વિદ્યાવાન આ ક્રમમાં વિદ્યાવાન સૌથી વધુ શ્રેષ્ઠ અને આદરણીય છે.

## સુવિચાર

- સ્વાસ્થ્ય માટેની પ્રથમ શરત પ્રસન્નતા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રશન્નતા બધા જ સદ્‌ગુણોની માતા છે - **ગેટે**
- પ્રશન્નતા આત્માની તંદુરસ્તી છે ગમગીની-ઉદાસીનતા આત્માનું ઝેર છે- **સ્ટેનિલાસ**
- ભૌતિક સાધનોમાં સુખ શોધવું નિરર્થક છે, સુખનો ખજાનો તો તમારી અંદર જ છે - **સ્વામી રામતીર્થ**
- પ્રસન્નતા, વસંતઋતુ જેવી છે તેનાથી હૃદયબાગનાં તમામ પુષ્પો ખીલી ઊઠે છે - **જોન પોલ**
- સાચી પ્રસન્નતા આપવામાં છે, લેવામાં કે માગવામાં નહીં - **સ્વામી રામતીર્થ**
- પ્રસન્ન ચિત્તવાળી બુધ્દ્ધિ જલ્દી સ્થિર થાય છે - **ગીતાજી**

## બોધ કથા

માણસ સાત્ત્વિક, વિદ્વાન અને બુધ્ધિશાળી સજ્જન હોય તો એની જિંદગીભર કદર થાય, લોકો યાદ કરે બાકી મૂર્ખ-ઇર્ષાળુ-સત્તાલોભી-ક્રૂર-સત્તાધીશ રાજા હોય તો એને તો પદ પર - સત્તા પર હોય ત્યાં સુધી જ લોકો માન આપે, સત્તા પરથી ઉતર્યા પછી 'કોડી' ના થઇ જાય.

રાજા નૂરમહંમદ ક્રૂર રાજા હતા. દુશ્મન દેશ પર ચઢાઇ કરી લોકોને પકડી આવતો ગુલામ બનાવતો અને જે ગુલામી ન સ્વીકારે તેની હત્યા કરતો.

તૂર્કસ્તાનના કેદીમાં મશહૂર કવિ અહમદી પણ પકડાયા હતા. બાદશાહનું કોઇએ ધ્યાન દોર્યું કે આ ખૂબ બુધ્ધિશાળી કવિ છે; અને માણસની સાચી પરખ જાણે છે.

રાજાએ બાજુમાં ઊભેલાં ગુલામને બતાવી કહ્યું આ ગુલામની કિંમત કેટલી? કવિ અહમદી અલમસ્ત અને ખૂમારીવાળા ગુલામને જોઇ કહ્યું પાંચસો અસર્ફી!

બાદશાહે પાઘડી સરખી કરતાં કહ્યું અને મારું મૂલ્ય આંકવું હોય તો શું આંકો?

કવિ તો હિંમતવાતન અને સ્પષ્ટ વક્તા હતા. તરત કહ્યું 'પચ્ચીસ અસર્ફી.'

રાજા ક્રોધથી લાલચોળ થઇ ગયો. કહ્યું, મારી માત્ર પાઘડીની જ કિંમત પચ્ચીસ અસર્ફી છે તને કંઇ ભાન છે?

કવિ કહે, મેં એની જ કિંમત કહી કહી છે રાજા! બાકી તારા જેવા ક્રૂર-રાજાની તો કંઇ કિંમત જ ન ઉપજે!

રાજા સમજી ગયો. કવિ ગાંડો છે કહી એને છોડી મૂક્યો અને જાતે પ્રાયશ્ચિત કરી સુધરવાના પ્રયત્નમાં પડ્યો.

# વડિલોની વાતો સાંભળવી - સમજવી... પણ છેલ્લે અમલ તો ત્યારે જ કરવો જયારે તમારા પોતાના પગ એ રસ્તે જવાની પરવાનગી આપતા હોય...

## વિચાર યાત્રા

- જય ઓઝા

### એક (પ્રામાણિક) વૃધ્ધે કહ્યું - જુવાન દોસ્તો!

એક (પ્રામાણિક) દોસ્તે કહ્યું -
જુવાન દોસ્તો! શા માટે માગો છો માર્ગદર્શન?
શબ્દકોશનું કદ વધારનાર અને ભાષાને અકાળે વૃધ્ધ કરનાર
આ શબ્દોથી સાવધ રહો!
અમારા ધોળા વાળથી ફસાશો નહીં
તેનો રાખવો જોઇએ એટલો જ મલાજો રાખો
બાકી તમારો રસ્તો તમે જ શોધો.
અમે પુષ્કળ ઉનાળા - ચોમાસા જોયા - કબૂલ.
પણ, ખરે જ તેનું શ્રેય ઋતુચક્રને જ
પુષ્કળ રખડ્યા, પણ એથી અમને અચૂક માર્ગ મળ્યો જ તેમ કેમ કહેવાય!
ના - ના - ના - દોસ્તો ભળથી ગેરસમજ કરશો નહીં.
તે તમને પરવડશે નહીં
અરે કરમાઇ ગયેલા અમારી પાસે હોઇ હોઇ ને શું હોય?
પરાભવ અને નિરાશાની એક પ્રદીર્ઘ ગાથા!
પણ દોસ્તો, તમે જુવાન છો!
તારૂણ્યને નિરાશા અને પરાભવ આ વસ્તુ, પરિચિત જ હોય છે,
અરે, પ્રકાશે કદીય અંધારું જોયું હોય છે, ખરું?
લોક કંઇ પણ કહે,
જેને હવે કોઇ પણ માર્ગ રહ્યો નથી, એને જે ગતિહીન બનેલા છે
તેમને માર્ગદર્શન પૂછવાનો તમને અધિકાર જ નથી!
અને મિત્રો, એક વાત ધ્યાનમાં રાખો કે પ્રત્યેકે પોતપોતાનો માર્ગ શોધવાનો હોય છે.
'આગળનાની ઠોકર બીજાને શાણો બનાવે છે!' એ એટલું સાચું નથી.
અને હોય તો પણ ચાલનારને ઉપયોગી નથી.
તેના માટે ફરીથી ઠોકર... ફરી ફરીથી ઠોકર... આ જ ખરું માર્ગદર્શન
ચરૈવેતિ! ચરૈવેતિ!

- મંગળ વેઢેકર

કવિતાની પ્રથમ બે પંક્તિમાં જ તેના 'હટકે' પણાનો ખ્યાલ આવી જાય છે... એક (પ્રામાણિક) વૃધ્ધે કહ્યું - પ્રામાણિક શબ્દ કૌંસમાં મૂક્યો છે. અને પછી તરત જે જુવાન દોસ્તો! આમાં 'દોસ્તો' સંબોધન ઊડીને આંખે વળગે છે...

એવું SMS આવ્યો હતો કે, જીવનનું સાફલ્ય એ છે કે, પરિવાર આપણને મિત્રની જેમ ટ્રીટ કરે અને મિત્રો આપણને પરિવાર જેવા મળી રહી... અમુક ઉંમર પછી પિતાને સંતાનોના મિત્ર થતાં આવડવું જોઇએ... દાદા-દાદીએ તો પિતા અને પુત્ર બંને મિત્રવત બનાવીને સરળ વ્યવહાર દ્વારા સંબંધને નવી વ્યાખ્યા આપીને મહેકાવવો જોઇએ...

કોઇકની પાસે માર્ગદર્શન માગીએ, સલાહ માગીએ, ત્યારે આપણા વડીલો કે જેઓ એ યુગમાં જન્મ્યા હતા, અને મોટા થયા હતા, જયાં વિકાસની ક્ષિતિજો સીમિત હતી, જયાં I.T. નું વર્ચસ્વ નહોતું, જયાં સ્પર્ધાની કાપાકાપી નહોતી... જયારે નવા નવા ગુલામીમાંથી આઝાદ થયા હતા... અને જેઓ આખી જિંદગી ૯ થી ૫ ની સરકારી નોકરી કરીને રીટાયર થવામાં સ્વર્ગનો આનંદ માનતા હતા...

આવા વડિલોએ અત્યારે આજની પેઢીને માર્ગદર્શન આપવું હોય તો પહેલાં ફેસબુકમાં એકાઉન્ટ ખોલાવવું જોઇએ, ગુગલ સર્ચ એન્જિનનો અભ્યાસ કરવો જોઇએ... ટચ સ્ક્રીન મોબાઇલમાં 3G ના કનેકશનનું ટ્યુનિંગ શીખ્યા પછી એક મિત્રની જેમ જો માર્ગદર્શન આપે તો ખરેખર એ યોગ્ય લેખાશે...

અત્યારના સમયમાં ખરેખર તો આપણે બધા જીવવાની મથામણ કરી રહ્યા છીએ! પરંતુ અંદરથી અનુભવી રહ્યા છીએ કે આજના જમાનામાં કદાચ જીવવું જ સૌથી કપરું છે?

આવા વિષય જીવનને સરળ કઇ રીતે બનાવી શકાય? કોઇનું માર્ગદર્શન સંપૂર્ણપણે કોઇને કયારે ખપ લાગી શકે? રાહબર ભોમિયો, માર્ગદર્શક આ બધા શબ્દો આપણે બોલીએ છીએ, પણ એ કેટલે અંશે સાચા ઠરે તેમ છે?

પ્રત્યેક યુગની પોતાની ગુંચવણો - ગુંગળામણો હોય છે, આપણા પૂર્વજોને શું કોઇ મુશ્કેલીઓ જ નહીં હોય? આપણે વધુ પડતી ફાસ્ટ લાઇફથી પરેશાન છીએ, તો એ લોકો કદાચ ઝિંદગીના વધારે પડતા ઠહરાવથી પીડાતા હશે... કોઇના માર્ગદર્શનથી માર્ગ મળતો નથી... માર્ગ મળે તો મંઝિલ સુધી પહોંચતો નથી... હાં! માર્ગ ઝાંખી મળે તો મળે... 'આ રસ્તે જઇ શકાય.' તેમ ચોક્કસ મનાય. પરંતુ 'આમ જ જવાય તેવું હરગિજ' માનવાને કારણ નથી...

અને છતાં પણ આપણે ઘેરાઇ જઇને, વિખરાઇ જઇએ છીએ ત્યારે પોકારી ઉઠીએ છીએ કે - 'કોઇ રસ્તો બતાવો.' અરે એવો ચીલો ચાતરવો કે જયાં ઝાઝા લોકોના પગલાં ન પડ્યા હોય! પરંતુ ચાલવાનું આપણે હોય અને રસ્તો કોઇ બતાવે - આ વળી કેવું! અને તે વ્યક્તિ માટે નીવડેલો રસ્તો આપણને પણ ફળે - એવું માની લેવું તો ભ્રમણા જ કહેવાય!

'રેડીમેડ' કપડાં લઇએ અને તે આપણને ફીટ આવે, તે બરાબર છે, પરંતુ 'રેડીમેડ' માર્ગદર્શન લઇને જિંદગીમાં ફીટ થઇ જવાય છે.

પ્રત્યેકની પોતાની ચાલ હોય છે, કોઇના પગલામાં પગ મૂકવાથી પંથ જડતો નથી...

રસ્તા પગની હેઠે છે, અને છતાં આપણે પૂછીએ છીએ - રસ્તો કયાં છે? રસ્તો દેખાય તો પૂછીએ છીએ કે જવું કે ન જવું? કયારે જવું? આપણા પ્રશ્નોના ઉત્તરોની અપેક્ષા જયારે આપણે બીજા પાસે રાખીએ છીએ ત્યારે આપણે પોતે જ પ્રશ્ન જેવા બની જઇએ છીએ?

પરંતુ સામે એવા નિખાલસ કે પ્રામાણિક વૃધ્ધ પણ કયાં જોવા મળે છે કે, સ્વીકાર કરે છે. અમારા નિષ્ફળ અનુભવોનું માથું અમારે તમને નથી આપવું. વધારે તડકી - છાયડી જોવા માત્રથી સલાહો આપવાનું લાઇસન્સ નથી મળી જતું... એ તો હવે ઋતુચક્રને આભારી છે કે, વધારે ચોમાસા - ઉનાળા જોવા મળ્યા છે...

બાકી કવિતામાંના વૃધ્ધે Sorry પ્રામાણિક વૃધ્ધે - યુવાનોને દોસ્તો કહીને તેમની પાસેથી માર્ગદર્શન ન લેવાનું સાચું માર્ગદર્શન આપ્યું છે.

યારો! રખે ને આપણી વિનમ્રતાને આપણું મૂઢપણું સમજીને કોઇ અયોગ્ય વૃધ્ધ આપણને સલાહોના હથોડા મારવા મેદાનમાં ઉતરી પડે, તે પહેલાં ત્યાંથી ખસી જજો...

વૃધ્ધો વંદનીય છે, અને ખરા અર્થમાં અનુભવ સમૃધ્ધ જૈફ વડિલો તો આજની પેઢી સાથે ખભે હાથ રાખીને સલાહ નથી આપતા... ચર્ચા કરે છે... કે.એલ. સાયગલથી માંડીને બાબા સાયગલમાં અને નૌશાદથી લઇને રહેમાનમાં એક સરખો રસ લે છે. રાજકપૂર અને રણબીરકપૂરને એક આંખથી જુએ છે... આવા વડિલો વૃધ્ધ હોવા છતાં દોસ્ત હોય છે.. કારણ કે વાર્ધક્ય શરીરથી નહીં મનથી આવતું હોય છે.. આવા વડિલોની વાતો સાંભળવી - સમજવી... પણ છેલ્લે અમલ તો, ત્યારે જ કરવો જયારે તમારા પોતાના પગ એ રસ્તે જવાની પરવાનગી આપતા હોય...

# દયા, સ્નેહ તેમની રગેરગમાં વહે છે, પારકાને પોતાના કરવાની લાગણી તો જાણે તેમની પાસેથી જ મળે છે, અનેક એવોર્ડથી વિભૂષિત ગરવા ગુજરાતી શ્રી પટેલ કુદરતના ખોળે બહુ રમમાણ રહ્યા છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

વિચાર વિસ્તારથી શ્રી મફલલાલ પટેલ સાથેના સંભારણાનો આરંભ કરીએ.

"એક પથ્થરમાંથી બનતા શિલ્પને આકાર મળે,

જો મઠારો જિંદગીને તો જ કંક નક્કર મળે."

સેવા માટે સામાજિક, સાહિત્યિક અને શૈક્ષણિક ક્ષેત્રો સૃષ્ટિના સર્વોચ્ચ શિખરો છે. એવી પ્રતીતિ મને અનેકવાર થઇ છે. ત્રણ વર્ષનો સમય માંડ પસાર થયો છે. પણ ઓળખામ, સંબંધ જાણએ તરોતાજા. મને શિક્ષણવિદ્, લેખક અને પત્રકાર શ્રી મોતીભાઇ પટેલ અને ડો. ઇશ્વર પરમારે શ્રી મફતભાઇ પટેલને 'અચલા' સામયિકમાં લઘુકથા, નવલિકા, નિબંધો અને પુસ્તકો મોકલવા કહ્યું. મેં સઘળું સાહિત્ય, પુસ્તકો મોકલ્યાં.

તરત જ બહુ જ સહજ રીતે, શ્રી મફતભાઇનો મને ફોન આવ્યો. રાજીપો વ્યક્ત થયો. પછી તો બંને એ વાતો માંડી :


'નટવરભાઇ, તમારું સાહિત્ય મને મળ્યું છે. તેને સમયાંતરે 'અચલા' માં અમે પ્રગટ કરતાં રહીશું.' જાણે વર્ષોથી તેમની સાથેનો નાતો ન હોય? અંતરના ચક્ષુ અને મનના દરવાજા ખુલી ગયાં. બહુમુખી પ્રતિભાનાં માલિક એવા સજ્જનનાં પરિચયથી મારા જીવનમાં એક સ્નેહીજનનો ઉમેરો થયો. 'અચલા' ના કાર્યક્રમોના, શૈક્ષણિક સમારોહનાં નિયમિત નિમંત્રણો મળવા લાગ્યા.

કોઇને પછાડવા સહેલા છે. પણ ઊભા કરવા અઘરા છે. શ્રી મફતલાલે કેટ-કેટલાયને ઊભાં કર્યાં છે. હજ્જારો વિદ્યાર્થીઓને યોગ્ય દિશા ચિંધાડી છે. ઘસાઇને બીજાને ઉજળા કરવાની તેમની ઉદાત્ત લાગણી અનન્ય છે. તેના સૌ કોઇ સાક્ષી છે. સતત જાગૃત શ્રી પટેલને જોઇને એક પ્રશ્ન થાય છે કે, સૃષ્ટિ ઉપર ઇશ્વરે માતા-પિતા અને શિક્ષકનું સર્જન ન કર્યું હોત તો? ખેતર ખેડતો આ ખેડૂત, શિક્ષણનાં ખેતરમાં વાતા વસંતના વાયરાની જેમ અવિરત ફરતો રહે, તડકે તપી સમાજને સેવાનો છાયો બક્ષે અને 'કર્તવ્ય એ જ ધર્મ' સમજી ઉમદા કેળવણી કાર્ય કરતો જ રહે. તેની પછવાડે તેનાં મા-બાપના અને મા સરસ્વતીના ચારેય હાથ તેમની માથે ફરતાં રહેતાં હોય, તો જ આ બધું શક્ય બને.

શિક્ષક, વિદ્યાર્થી અને આમ જનતા માટે સતત જાગૃત, હિતચિંતક શ્રી મફતલાલ પટેલની કલમે લખાતાં 'અચલા' ના તંત્રી લેખો વેધક, ધારદાર, સંવેદનશીલ અને ક્રાંતિકારી હોય છે. તેમાં તેમનું ચિંતન સતત પ્રગટતું હોય છે. આદર્શવાદ, માતૃભાષા અંગેની ચિંતા, મધ્યાહ્‌ન ભોજન, શિક્ષણના મૂળભૂત અધિકાર, રાષ્ટ્ર ભાવના, બોર્ડની પરીક્ષા, મા-બાપની ફરજો, સ્વર્ણિમ ગુજરાત,

**સરસ્વતી સાધક, કેળવણીના કરવૈયા, સમાજના હિતચિંતક શ્રી મફતલાલ પટેલ**

**શતમ્.. જીવનમ્.. શરદમ્**



મહિલા સાક્ષરતા, બાળકોને શિક્ષણ અંગેના અધિનિયમો, દેશમાં કે પરદેશમાં શિક્ષણ?

એકેએક વિષયમાં તેમની દીર્ઘદૃષ્ટિ, દુરંદેશીપણું અને વિદ્યાર્થીઓ - વાલી માટેની યોગ્ય ચિંતા દેખાઇ આવે છે. શ્રી મફતલાલ પટેલ, સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યના ફકીર છે. તેમની પાસે અનેક પ્રાકરની સૂક્ષ્મ જાહોજલાલી છે. પંતોત્તેર વર્ષે સોળ વર્ષના યુવાનને છાતે તેવો મિજાજ ધરાવતાં આ જાગૃત શખ્સ સમાજને બદલવાની પહેલ કરે. સપૂત બની પાટીદારની પાઘડી શોભાવે અને રાજકારણમાંય શોભે. તેમને સાંભળવા એ પણ એક લ્હાવો છે. કેળવણીમાં ભલભલા ચલિત થઇ ગયા છે. પણ શ્રી પટેલ જળકમળવત રહ્યાં છે. શિક્ષણની ગુણવત્તા માટે તેમની પાસે દીર્ઘદૃષ્ટિ છે.

દયા, સ્નેહ તેમની રગેરગમાં વહે છે. પારકાને પોતાના કરવાની લાગણી તો જાણે તેમની પાસેથી જ મળે છે. અનેક એવોર્ડથી વિભૂષિત ગરવા ગુજરાતી શ્રી પટેલ કુદરતના ખોળે બહુ રમમાણ રહ્યાં છે. કોઇ સ્વાર્થ, અપેક્ષા વિના વિદ્યાર્થીઓને સ્નેહથી શિક્ષણ આપનારા આ અધ્યાપકે પરિવારની ખેવના પણ કરી છે, તો વિવિધ મંડળમાં હોદ્દાઓ શોભાવ્યા છે અને હાલ શોભાવી, નિઃસ્પૃહી બની સેવા કરી રહ્યાં છે.

'જાહોજલાલી એની નથી
નાશ પામતી
જેનું દિલ છે અમીર ફકીરી
લિબાસ છે'

આજે ઘણા વૃધ્ધ શિક્ષણવિદ્દો હશે. જેનું મન સતત પ્રવૃત્ત રહેવા થનગનતું હશે. પણ શરીરની નાદુરસ્તીને કારણે પોતાને લાચાર થઇ પડ્યું રહેવું હશે. જયારકે શ્રી મફતલાલ મારી દૃષ્ટિએ પૂરેપૂરો નસીબદાર છે કે, તેમનું જીવન હર્યુંભર્યું, સ્વસ્થ અને કર્તવ્યનિષ્ઠ રહ્યું છએ. કડા ગામના ખેડૂ સમાજના ભૂમિપ્રેમની સભર જગતના આ તાતે અમેરિકા સુધી સફર કરીને ભારતની અને ગુજરાતની ગરવાઇને પાથરી છે. જેમ રાવજી પટેલ મોટાનગરની ભીડમાં અથડાયા, કુટાયાં અને પછી કવિ થયા. તેમ શ્રી મફતલાલ પટેલ પણ ખૂબ ટીપાણાં છે અને પછી ગુલમહોરની જેમ ઊભર્યાં છે. તેઓએ પ્રથમ સંકલ્પો કર્યાં અને પછી સંકલ્પોએ તેમનું જીવન ઘડ્યું હશે. તેમના હાથમાં રહેલાં અનેક ઉત્તમ પુસ્તકોનાં વાચનથી તેમની નૂતન યુગનો આરંભ થયો હશે.

તેમના અમૃત મહોત્સવનાં આ રળિયામણા અને રૂડાં પ્રસંગે તેઓ વધુ દીર્ઘાયું ભોગવે. સ્વસ્થ રહે, પ્રકૃતિ, રાષ્ટ્ર અને સમાજને ખૂબ જ ઉપયોગી બને તેવી શુભકામનાઓ, અભિનંદન સાથે શ્રી પટેલને તેમજ આવા - આવા અદના આદમીને ઉચિત સમયે, યોગ્ય, યથોચિત સન્માન આપવા બદલ અમૃત મહોત્સવ સન્માન સમિતિનેય અભિનંદન.


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૩૧મી જુલાઇ

● ચાર વેદોનું સુંદર, સરળ અને ગરવું ભાષાંતર કરનારા મહર્ષિ દામોદર સાતવલેકરની પુણ્યતિથિ ૩૧-૭-૧૯૬૨.

૪૦ થી વધુ પુસ્તકો લખ્યા, પદ્મવિભૂષણથી સમ્નમાનિત થયા.




● હિન્દી ભાષાના સમર્થ નવલકથાકાર પ્રેમચંદ મુન્શીનો જન્મદિન ૩૧-૭-૧૮૮૦.

સેવાસદન નોંધપાત્ર નવલકથા. ગબન, ગોદાન, હીરામોતી, શતરંજ કે ખિલાડી કૃતિઓ આધારિત ફિલ્મો બની. તેમની જન્મશતાબ્દિ ઉજવાઇ. ટપાલ ટિકીટ બહાર પાડી, સાહિત્યસેવાનું ગૌરવ કર્યું.

● વિશ્વ વિખ્યાત કાર્ટૂનિસ્ટ શંકર પિલ્લાઇનો જન્મ ૧૯૦૨.

● પુરાતત્ત્વવેતા - ગણિતજ્ઞ દામોદર કૌસાંબીનો



જન્મ ૧૯૦૭.

● ટૂંકી વાર્તાના લેખક શાંતિલાલ ગુણલદાસનો જન્મ ૧૯૦૪.

# સમાચારોમાંથી એકાદ ઓછા મહત્ત્વના સમાચારને કોઇ બીજા જ પાને લઇ જઇને અને એ જગ્યા બાકીના ચાર મહત્ત્વના સમચારો માટે વાપરી શકાય તો વાચકો 'ચાર અનુસંધાન વાંચવામાંથી બચી જાય!'

## હળવાશની ક્ષણોમાં !

### સાત ખૂન : અનુસંધાન સાતમા પાને!

- ચિત્રસેન શાહ

ઉપરનું શિર્ષક વાંચી કોઇએ આ ન્યૂઝપેપરના સાતમા પાને જવું નહીં! કારણ કે આ તો શિર્ષક છે. કોથળામાંથી બિલાડા પણ નીકળે! અને ઘણીવાર આપણે 'બિલાડા'ની અપેક્ષા રાખી હોય ત્યારે 'અનુસંધાન' ના ઢગલાં નીકળી પડે!

ઉપરોક્ત શિર્ષકનું અનુસંધાન હવે અહીં જ વાંચો!

પ્રિયંકા ચોપના અભિનિત પિક્ચર 'સાત ખૂન માફ'નાં સ્ટ્રીકલી લો બજેટ એડવર્ટાઇઝમેન્ટ માટે એડવર્ટાઇઝરે પોતાના MBA ટાઇપના મગજને કામે લગાડ્યું હતું! તેણે ન્યૂઝપેપરના ફ્રન્ટ પેઇજ માટે બોલ્ડ લેટર્સમાં ફક્ત 'સાત ખૂન' એટલું જ લખ્યું અને બાકીનો એક શબ્દ 'માફ' તેમજ પિક્ચરના ગુણગાન (!) સાતમા પાને પ્રગટ કરાવડાવ્યા!

આમ તેણે એક કાંકરે બે પક્ષી ઉડાડ્યા! (પવિત્ર શ્રાવણ મહીનામાં તો ખરું જ પણ આમોય તે પક્ષીને 'માર્યાં' કરતાં 'ઉડાડ્યાં' શબ્દ પ્રયોગ પક્ષીપ્રેમીઓ માટે તેમજ સમગ્ર જીવદયા પ્રેમીઓ માટે પણ ખુશીની વાત બની રહે! - બાકી આમ તો એક કાંકરે બે પક્ષી તો શું બસો પક્ષી પણ ઉડાડી શકાય - જો એક જ ડાળ પર બેઠાં હોય તો!)

કોઇને પણ મારવાં કરતાં જીવાડવામાં જ જીવન ધન્ય થાય!

એક કાંકરે બે પક્ષી આ રીતે - એક તો એડવર્ટાઇઝમેન્ટનું બજેટ લો બને અને બીજું આ સસ્પેન્સ ટાઇપના અધૂરાં સમાચાર પુરા વાંચવા માટે વાંચકોની ઇન્તેજારી વધે!

સાત ખૂન કયાં થયા હશે? કોણ કર્યાં હશે? કયારે થયા હશે? શા માટે કર્યાં હશે? એના તો સાત પ્રશ્નો વાંચકોના મગજને ઘેરી વળે અને પરિણામે તેઓ સાતમા પાને જવા બેતાબ થઇ જાય!

અને જયારે સાતમા પાને પહોંચે ત્યારે પોતાની બધી જ ધારણાઓથી વિરૂદ્ધ કાંઇક જુદું જ વાંચવા મળે! 'સાત ખૂન માફ' પિક્ચરના એડવર્ટાઇઝમેન્ટની તો તેમણે કલ્પના પણ કરી ન હોય! આ જ તો છે સસ્પેન્સની સફળતા!

હવે અનુસંધાનવાળી વાતમાં આગળ વધીએ તો - અનુસંધાન અને ન્યૂઝપેપરને 'ચોલી દામન કા સાથ' જેવું હોય છે! અનુસંધાન એ ન્યૂઝપેપરવાળાઓનો પ્રથમ પ્રેમ હોય છે! ફ્રન્ટ પેઇજના લગભગ બધા જ સમાચારોનાં અનુસંધાન હોય કાંઇ બીજા જ પાને!

અનુસંધાનના રેફરન્સમાં ન્યૂઝપેપર વાંચવાવાળાઓના ત્રણ પ્રકાર પાડી શકાય.

પહેલો પ્રકાર એવો હોય કે જે ફ્રન્ટ પેઇજના સમાચારોનો રસપ્રદ ભાગ વાંચી લે અને અનુસંધાન સુધી પોતાની જાતને ઘસડે જ નહીં કારણ કે એ લોકો માનતા હોય છે કે બાકીના બીનરસપ્રદ ભાગ વાંચવા સુધી શા માટે લાંબા થવું?!

બીજો પ્રકાર એવો હોય છે કે જે ફ્રન્ટ પેઇજના બધા જ સમાચારો એક સાથે વાંચી લે અને ત્યારબાદ પહોંચે અનુસંધાનવાળા પાને!

પરંતુ આમાં ઘણીવાર ગોટાળા થવાનો સંભવ રહે છે!

દાખલા તરીકે એકબીજાને મળતા આવતા બે સમાચાર જો આ પ્રમાણે હોય -

● ગાંધીનગર - અમદાવાદ વચ્ચેના મેટ્રો રેલનો પ્રોજેક્ટ પાઇપ લાઇનમાં!

● નર્મદાની મોટી પાઇપલાઇનના પ્રોજેક્ટમાં અડચણરૂપ મેટ્રો રેલનો ટ્રેક!

તો એક સાથે અનુસંધાન વાંચવામાં ગોટાળા થવાની શક્યતા નકારી શકાય નહીં! વળી 'મિસાઇલ મેન' અને 'મસલમેન' ના સમાચારોમાં પણ અનુસંધાન વાંચતી વખતે ગોટાળા થઇ શકે!

ન્યૂઝ પેપર વાંચવાવાળાઓનો ત્રીજો પ્રકાર એવો હોય છે કે જેઓ ફ્રન્ટ પેઇજના દરેક સમાચાર વાતાફરતી અનુસંધાન સહિત પુરેપૂરા વાંચે છે! આમાં પાંચ-સાત વખત સાતમા પાને જવું પડે છે! આ આદતનાં પ્રોસ એન્ડ કોન બંને છે! આને કારણે સ્વસ્થ વ્યક્તિના હાથ દુઃખતા થઇ જાય છે અને જેમને હાથના દુઃખાવાની ફરિયાદ હોય અને તેમનાં ફેમિલી ડોકટરે હાથની કસરત કરવાનું કહ્યું હોય તેમને અનાયાસે જ કસરત થઇ જાય છે!

(અનુસંધાન પાના નં. ૬ પર)